

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 073
Dt.: 17-01-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa

### દિલ્હીના ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે વડાપ્રધાને દેશના યુવા ઉદ્યોગસાહસિકોને સંબોધ્યા

## કોઈને તો રિસ્ક લેવું જ પડશે, નુકસાન થશે તો મારું થશે: સ્ટાર્ટઅપ ડે પર વડાપ્રધાન મોદીનું સંબોધન



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવા ઉદ્યોગસાહસિકોને સંબોધ્યા હતા. પીએમ મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશનના ૧૦ વર્ષની ઉજવણીના આ અવસરે ભારતના યુવાનોની જોખમ લેવાની ક્ષમતાના ભારોભાર વખાણ કર્યાં હતા અને પોતાના રાજકીય જીવનના અનુભવો પણ શેર કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપના સ્થાપકો સાથે પોતાની સરખામણી કરતા જણાવ્યું કે, તમારી જેમ મને પણ જોખમ લેવાનું ગમે છે. મેં મારા રાજકીય ભવિષ્યને દાવ પર લગાવીને એવા નિર્ણયો લીધા છે જે રાષ્ટ્રીય હિતમાં હતા. અગાઉની સરકારો જે કામો ચૂંટણી હારવાના ડરથી કે ખુરશી ગુમાવવાના ડરથી નહોતી કરતી, તે મેં મારી જવાબદારી સમજીને કર્યા છે.

દેશના ફાયદા અંગે વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, દેશ માટે જે જરૂરી છે તે કોઈએ તો કરવું જ પડશે. જો નુકસાન થશે તો મારું જશે, પણ જો ફાયદો થશે તો દેશના કરોડો પરિવારોનો થશે.

છેલ્લા એક દાયકામાં દેશમાં આવેલા બદલાવ પર ભાર મૂક્યો પીએમ મોદીએ જણાવ્યું હતુ કે, આજે ભારતમાં ૧૨૫ એક્ટિવ યુનિકોર્ન છે, જે ૨૦૧૪માં ફક્ત ચાર હતા. આજના સ્ટાર્ટઅપ્સ યુનિકોર્ન બની રહ્યા છે. આ ખૂબ જ સારા સમાચાર છે. હવે દેશનો યુવાન માત્ર માસિક પગારના કમ્ફર્ટ ઝોનમાં રહેવા માંગતો નથી. સમાજમાં પણ હવે રિસ્ક લેનારાઓનું સન્માન થઈ રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ વર્ષ પહેલાની સ્થિતિ યાદ અપાવતા કહ્યું કે, તે સમયે વ્યક્તિગત નવીનતા માટે બહુ જગ્યા નહોતી. પરંતુ હાલમાં સરકારે એવી ઈકોસિસ્ટમ તૈયાર કરી છે જે નવીનતાને પ્રોત્સાહન આપે છે. ભારતના યુવાનો આજે માત્ર સમસ્યાઓ વિશે વાત નથી કરી રહ્યા, પરંતુ તેના ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

આગામી દાયકો ભારતીય સ્ટાર્ટઅપ્સનો રહેશે અને તે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## સટ્ટાબાજી સામે સરકારની મોટી કાર્યવાહી: ૨૪૨ વેબસાઈટ બ્લોક

### ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ગેરકાયદેસર સટ્ટાબાજીના ફેલાવાને રોકવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે આજે ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર સામે મોટી કાર્યવાહીમાં ૨૪૨ ગેરકાયદેસર વેબસાઈટ્સની લિંક્સ બ્લોક કરી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ગેરકાયદેસર સટ્ટાબાજી (જુગાર) ના ફેલાવાને રોકવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. સરકારનું કહેવું છે કે અત્યાર સુધીમાં ૭,૮૦૦ થી વધુ ગેરકાયદેસર સટ્ટાબાજી અને જુગાર વેબસાઈટ્સ બંધ કરવામાં આવી છે. નોંધપાત્ર રીતે, ઓનલાઈન ગેમિંગ એક્ટ લાગુ થયા પછી આ પ્લેટફોર્મ્સ સામે કાર્યવાહીની ગતિ નોંધપાત્ર રીતે ઝડપી બની છે. સરકારી સૂત્રોએ સ્પષ્ટતા કરી હતી કે આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય વપરાશકર્તાઓ, ખાસ કરીને યુવાનોને ઓનલાઈન છેતરપિંડી, નાણાકીય નુકસાન અને વ્યસન જેવી સમસ્યાઓથી બચાવવાનો છે. ગેરકાયદેસર પ્લેટફોર્મને નિયંત્રિત કરવા માટે ટેકનોલોજી અને કાયદા બંનેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.સરકારે સંકેત આપ્યો છે કે ભવિષ્યમાં આવા પ્લેટફોર્મ્સ સામે કાર્યવાહી ચાલુ રહેશે. ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર સંબંધિત કોઈપણ ગેરકાયદેસર સામગ્રીને સહન કરવામાં આવશે નહીં અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્ર સરકાર ચિંતિત છે કે આ ગેરકાયદેસર વેબસાઈટ્સ યુવાનોને નિશાન બનાવી રહી છે અને તેમને પૈસાનું વચન આપીને વ્યસની બનાવી રહી છે. પહેલા, મની ગેમિંગ પર પ્રતિબંધ અને હવે સટ્ટાબાજી વેબસાઈટ્સ પર કડક કાર્યવાહી સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકાર યુવાનો અને જનતાને આ સાઈટ્સનો શિકાર બનવાથી બચાવવા માટે પ્રતિબદ્ધ છે. સરકાર ગેરકાયદેસર પ્લેટફોર્મને નિયંત્રિત કરવા માટે ટેકનોલોજી અને કાયદા બંનેનો ઉપયોગ કરી રહી છે. આ સતત પગલાં ભવિષ્યમાં સટ્ટાબાજી અને જુગાર સાઈટ્સ પર દેખરેખ રાખવા અને તેમની સામે કાર્યવાહી ચાલુ રાખવાની સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે દર્શાવે છે. સરકાર આવી સટ્ટાબાજી સાઈટ્સ માટે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે શક્ય તેટલી કડક કાર્યવાહી કરશે. મીડિયા અહેવાલો અનુસાર, ૨૦૨૨થી ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) એ ૧,૪૦૦ થી વધુ ગેરકાયદેસર સટ્ટાબાજી અને જુગાર વેબસાઈટ્સ અને એપ્લિકેશન્સ બંધ કરવાનો આદેશ આપ્યો છે. સંસદે ઓનલાઈન ગેમિંગ બિલ ૨૦૨૫ પસાર કર્યું છે. બિલ પસાર થયા પછી સરકાર ગેરકાયદેસર સાઈટ્સ પર ઝડપથી કાર્યવાહી કરી રહી છે.

### શાહી વિવાદ વચ્ચે ચૂંટણી પંચનો મોટો નિર્ણય

## હવે મતદાન સમયે માર્કર પેનનો ઉપયોગ નહીં થાય

### આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ BMC ચૂંટણીમાં આંગળી પરની શાહી સરળતાથી ભૂંસાઈ જવાને કારણે સર્જાયેલો વિવાદ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લેતા હવે પછીની ચૂંટણીઓમાં શાહી માટે માર્કર પેનનો ઉપયોગ બંધ કરવાનો આદેશ આપ્યો છે. આગામી જિલ્લા પરિષદની ચૂંટણીઓથી આ નવો નિયમ લાગુ થશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ BMC(મુંબઈ મહાનગર પાલિકા) ચૂંટણી દરમિયાન આંગળી પરની શાહી સરળતાથી ભૂંસાઈ જવાને કારણે સર્જાયેલો વિવાદ છે.

BMC ચૂંટણી દરમિયાન મતદાન કર્યા પછી મતદારોની આંગળી પર જે અમીટ શાહી લગાવવામાં આવે છે, તે સરળતાથી નીકળી જતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ મુદ્દો ત્યારે વધુ ગરમાયો જ્યારે કલ્યાણના સ્વદ્રજી ઉમેદવાર ઉર્મિલા તાંબેએ સૌથી પહેલા આ અંગે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ જાણીજોઈને આવી નબળી શાહી વાપરે છે જેથી સત્તાધારી પક્ષને ફાયદો થાય અને નકલી વોટિંગ કરાવી શકાય.ઉર્મિલા તાંબેની ફરિયાદ બાદ જ્યારે મીડિયાકર્મીઓએ આની તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે આંગળી પર એસીટોન લગાવતા જ શાહી તરત જ સાફ થઈ ગઈ હતી. વિપક્ષી શિવસેના (UBT)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું હતું. તેમણે ચૂંટણી પ્રક્રિયાની ખામીઓ ગણાવતા એવો આરોપ લગાવ્યો કે, વોટ આપ્યા પછી આંગળી પર લગાવવામાં આવતી શાહી બહુ આસાનીથી ભૂંસાઈ જાય છે. આ મામલે ચૂંટણી પંચની જવાબદારી નક્કી થવી જોઈએ. બીજી તરફ, BMC કમિશનર ભૂષણ ગગરાણીએ પણ આ વાત સ્વીકારી છે કે માર્કર પેનથી કરવામાં આવેલું નિશાન કાયમી નથી અને તેને સહેલાઈથી સાફ કરી શકાય છે. જોકે, ચૂંટણી પંચના જનસંપર્ક અધિકારી (PRO)એ બચાવ કરતા કહ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આ એક જૂની પદ્ધતિ છે. વર્ષ ૨૦૧૨થી જ ચૂંટણીઓમાં માર્કર પેનનો ઉપયોગ કરવામાં આવે છે અને આ વખતે પણ એ જ પદ્ધતિ અપનાવવામાં આવી છે.

આ વિવાદ અંગે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર આકરું વલણ અપનાવતા કહ્યું કે, ચૂંટણી પંચ નાગરિકોને ભ્રમિત કરી રહ્યું છે. વોટની ચોરી કરવી એ રાષ્ટ્રવિરોધી કામ છે. જેના કારણે લોકશાહીમાં વિશ્વાસ ઘટે છે, જે ચિંતાજનક છે.

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું છે કે, આંગળી પર લગાવેલી શાહી ભૂંસવાનો પ્રયાસ કરીને મતદારોમાં ગેરસમજ ઉભી કરવી એ એક પ્રકારની ગેરરીતિ છે. આ ઉપરાંત, જો કોઈ વ્યક્તિ આંગળી પરની શાહી ભૂંસીને ફરીથી મતદાન કરવા જશે, તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય ચૂંટણી પંચે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, શાહી ભૂંસીને ગરબડ કરવાનો પ્રયાસ કરનાર મતદાર કોઈ પણ સંજોગોમાં ફરીથી વોટ આપી શકશે નહીં.

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે આ અંગે વધુમાં કહ્યું કે, આ બાબતે પહેલેથી જ પૂરતી સાવચેતી રાખવામાં આવી રહી છે. દરેક મતદારના મતદાનનો રેકોર્ડ રાખવામાં આવે છે, તેથી માત્ર શાહી ભૂંસી નાખવાથી ફરી મતદાન કરવું શક્ય નથી. તમામ અધિકારીઓને આ બાબતે સતર્ક રહેવા માટે કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે.

### ૨૬મીની પ્રજાસત્તાક દિનની પરેડમાં યુરોપીયન સંઘના નેતાઓ ભાગ લેશે

## ભારત-EU વચ્ચેની ઐતિહાસિક ટ્રેડ ડીલ ૨૭ જાન્યુઆરીએ: કૃષિનો સમાવેશ નહીં

### નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દ્વિપક્ષી વેપાર ૧૩૫ અબજ ડોલર હતો, બંને પક્ષે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થવાથી વ્યાપારી સંબંધો વધારે મજબૂત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં યુરોપિયન સંઘ (EU)ના નેતાઓ એન્ટોનિઓ કોસ્ટા અને ઉર્સુલા વોન ડેર લેએન ઉપસ્થિત રહેવાના છે. અમેરિકાએ ટેરિફ પોલિસીનો ભય બતાવી ભારત પર દબાણ વધારવા પ્રયાસ કર્યો છે ત્યારે ભારત-EU વચ્ચે 27 જાન્યુઆરીના રોજ ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર થશે. જોકે આ કરારમાં કૃષિ ક્ષેત્રનો સમાવેશ કરાયો નથી. ભારતના સૌથી મોટા વ્યાપારી ભાગીદારોમાં EUનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ 2023-24માં દ્વિપક્ષી વેપાર 135 અબજ ડોલર હતો. બંને પક્ષે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થવાથી વ્યાપારી સંબંધો વધારે મજબૂત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણથી યુરોપિયન કાઉન્સિલ અધ્યક્ષ એન્ટોનિઓ લુઈસ સેન્ટોસ ડી કોસ્ટા અને યુરોપિયન કમિશન પ્રેસિડેન્ટ ઉરસુલા વોન ડેર લેઈન 25થી 27 જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે આવી રહ્યા છે. 77મા ગણતંત્ર દિવસની ઉજવણીમાં તેઓ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

ભારત દ્વારા દર વર્ષે ગણતંત્ર દિવસની ઉજવણીમાં વિદેશી મહાનુભાવોને આમંત્રિત કરાય છે. આ વર્ષે આવી રહેલા EUના નેતાઓ 27 જાન્યુઆરીએ યોજાનારી ભારત-EU સમિટમાં પણ ભાગ લેશે. EU સંઘની સત્તાવાર યાદી મુજબ, ભારત સાથેની વ્યૂહાત્મક ભાગીદારીનું નિર્માણ કરવા અને મહત્ત્વના ક્ષેત્રોમાં જોડાણ મજબૂત બનાવવાના હેતુથી આ સમિટ યોજાઈ રહ્યું છે. સમિટ દરમિયાન ટ્રેડ, સિક્યુરિટી, ડીફેન્સ, ક્લીન ટ્રાન્સિશન અને પીપલ ટુ પીપલ કો-ઓપરેશન અંગે ચર્ચા થશે. કોસ્ટાએ કહ્યું હતું કે, EU માટે ભારત મહત્ત્વનું ભાગીદાર છે. બંને પક્ષ પાસે નિયમ આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનું રક્ષણ કરવાની ક્ષમતા છે. ભાગીદારીના નિર્માણ સાથે સહકારને વેગ આપવાની તક આ બેઠકમાં મળશે. સૂત્રોના જણાવ્યા મુજબ, સમિટ દરમિયાન ફ્રી ટ્રેડ ડીલ પર મંજૂરીની મહોર માગશે. ટેરિફની બીક બતાવી સમગ્ર વિશ્વમાં આર્થિક અરાજકતાનો માહોલ ઊભો કરી રહેલા અમેરિકાની જોહુકમી રોકવામાં પણ આ ડીલ મદદરૂપ થઈ શકે છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રે પણ બંને દેશ વચ્ચે કરાર થઈ શકે છે.

### પૂર્વી ભારતની કનેક્ટિવિટીને મજબૂત બનશે

## દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન આજથી દોડશે

### પ્રધાનમંત્રી મોદી માલદાથી દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે માલદાથી દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે. દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન હાવડા-ગુવાહાટી રૂટ પર દોડશે. આ ભારતની સૌથી આધુનિક અને હાઈ-સ્પીડ ટ્રેન છે. જે વિશ્વ કક્ષાની ટેકનોલોજીથી સજ્જ છે. લોકો લાંબા સમયથી દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનના આગમનની રાહ જોઈ રહ્યા હતા. આ ટ્રેન સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે અને તેનું સફળતાપૂર્વક પરીક્ષણ પણ થઈ ચૂક્યું છે. થોડા દિવસો પહેલા કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં આ ટ્રેનનું ઉદ્ઘાટન કરશે. આ ટ્રેન પૂર્વી ભારતની કનેક્ટિવિટીને મજબૂત બનાવશે.

સમગ્ર મુસાફરીમાં કેટલો સમય લાગશે?

આ ટ્રેન હાવડા અને ગુવાહાટી (કામખ્યા) વચ્ચેનું ૯૫૮ કિલોમીટરનું અંતર ફક્ત ૧૪ કલાકમાં કાપશે.

આ ટ્રેનની ટિકિટ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે સરળતાથી બુક કરી શકાય છે.

વંદે ભારત સ્લીપર ટ્રેન કઈ સુવિધાઓ આપશે?

વંદે ભારત સ્લીપર ટ્રેનમાં કુલ ૧૬ કોચ છે. આમાં ૧૧ થર્ડ એસી કોચ, ૪ સેકન્ડ એસી કોચ અને ૧ ફર્સ્ટ એસી કોચનો સમાવેશ થાય છે. વંદે ભારત સ્લીપર ટ્રેન ૮૨૩ મુસાફરોને સમાવી શકે છે.

કોચ વચ્ચે અવરજવર માટે ઓટોમેટિક દરવાજા અને વેસ્ટિબ્યુલ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે.

વંદે ભારત સ્લીપર ટ્રેનમાં અન્ય ટ્રેનો કરતાં ઓછા સ્ટોપેજ છે.

આનાથી મુસાફરી ઝડપી બનશે. આ ટ્રેનમાં બર્થ કુશન ખૂબ જ આરામદાયક છે.

આ ટ્રેન ૧૮૦ કિલોમીટરની ઝડપે મુસાફરી કરવા માટે બનાવવામાં આવી છે.

વંદે ભારત સ્લીપર ટ્રેન ટિકિટનું ભાડું શું છે?

ભારતીય રેલ્વેએ વંદે ભારત સ્લીપર ટ્રેનના ટિકિટ ભાડા વિશે માહિતી આપી છે.

3AC કોચમાં ૪૦૦ કિલોમીટરની મુસાફરી માટે, મુસાફરોએ રૂ.૯૬૦ ચૂકવવા પડશે.

2nd AC કોચનું ભાડું રૂ.૧૨૪૦ છે.

જો તમે પહેલા એસીમાં મુસાફરી કરો છો, તો તમારે આ અંતર માટે રૂ.૧૫૨૦ ચૂકવવા પડશે.

૧,૦૦૦ કિલોમીટરના અંતર માટે આ ટ્રેનનું ભાડું રૂ.૨૪૦૦ થી રૂ.૩૮૦૦ સુધીનું હોઈ શકે છે.

આ બધા ઉપરાંત, વંદે ભારત ટ્રેનનું સસ્પેન્શન ખૂબ જ સારું બનાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત, સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને ટ્રેનમાં જંતુનાશક ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ભાજપે રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે ચૂંટણીની તારીખ જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા ૧૯ જાન્યુઆરીથી શરૂ થશે. ભાજપના કેન્દ્રીય ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૯ જાન્યુઆરીએ ચૂંટણી ફોર્મ ભરવામાં આવશે, જ્યારે ૨૦ જાન્યુઆરીએ નવા અધ્યક્ષનું નામ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવશે. હાલમાં પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીન આ પદ માટે મુખ્ય દાવેદાર છે અને તેમના નિર્વિરોધ ચૂંટાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. નામાંકન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ અને વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પ્રસ્તાવક તરીકે હાજર રહી શકે છે.

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, પ્રદેશ અધ્યક્ષો અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોને દિલ્હી બોલાવવામાં આવ્યા છે. જો ૪૬ વર્ષીય નીતિન નબીન અધ્યક્ષ તરીકે ચૂંટાઈ જાય, તો તેઓ ભાજપના ઈતિહાસમાં સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે. જે.પી. નડ્ડાના લાંબા કાર્યકાળ બાદ આ ચૂંટણી સંગઠનમાં મોટા ફેરફારનો સંકેત આપે છે. નોંધનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૫માં કાર્યકારી અધ્યક્ષ બન્યા બાદથી જ નીતિન નબીને સંગઠનને મજબૂત બનાવવા પર પૂરતું ધ્યાન આપ્યું હતું.



# તંત્રી લેખ......

## અસ્થિરતાના સમયમાં કેન્દ્રીય બજેટથી અપેક્ષાઓ, બધી નજર નવી મહત્વાકાંક્ષી જાહેરાતો પર

કેન્દ્રીય બજેટ માટે માત્ર એક પખવાડિયા બાકી છે, ત્યારે આર્થિક મોરચે બે વિરોધાભાસી ચિત્રો ઉભરી રહ્યા છે. જ્યારે ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે, ત્યારે સરકાર નાણાકીય મોરચે પ્રમાણમાં સાવધ દેખાય છે. તે ખર્ચથી લઈને ઉધાર અને કલ્યાણકારી વચનો સુધીની દરેક બાબતમાં સાવધ છે. આ બંને દૃશ્યો પોતાનામાં માન્ય હોવા છતાં, મોટાભાગના લોકો તેમને સમજવામાં નિષ્ફળ જાય છે. આ પાછળનું એક મુખ્ય કારણ એ છે કે શું અર્થતંત્રના વિકાસની ગતિએ સંસાધનો ઉત્પન્ન થઈ રહ્યા છે કે નહીં તે અંગે જ્ઞાનનો અભાવ છે. સકારાત્મક દૃશ્યની વાત કરીએ તો, ભારતીય અર્થતંત્ર મજબૂત પ્રગતિ કરી રહ્યું છે. સરકારના પ્રથમ એડવાન્સ અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાના દરે વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે. આ ગયા વર્ષના ૬.૫ ટકાના વિકાસ કરતા વધુ હશે. થોડા દિવસો પહેલા જ, બીજા ત્રિમાસિક ગાળાના ડેટા જાહેર કરવામાં આવ્યા હતા, જે નોંધપાત્ર ૮.૨ ટકા વૃદ્ધિ દર્શાવે છે. આ વૃદ્ધિ સામાન્ય જીવનમાં પણ પ્રતિબિંબિત થાય છે. વાહનોનું વેચાણ વધી રહ્યું છે. હવાઈ મુસાફરીમાં તેજી આવી છે. નાણા, પરિવહન, આતિથ્ય અને રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રો સતત વિસ્તરી રહ્યા છે. બેરોજગારી ઘટી છે, અને મનરેગા (હવે બીવી-જી-રામ જી તરીકે ઓળખાય છે) હેઠળ કામની શોધમાં ઘટાડો થયો છે. તે સ્પષ્ટ છે કે લોકો વધુ સારા વિકલ્પો શોધી રહ્યા છે, જે એક સકારાત્મક સંકેત છે. તાજેતરના ડેટા સિવાય, ફુગાવો પણ સૌમ્ય છે. ખાદ્ય પદાર્થોના ભાવ અને ઈંધણના દરમાં સ્થિરતા જાળવી રાખવામાં આવી છે. આનાથી ઘરગથ્થુ બજેટ પર દબાણ ઓછું થયું છે અને રિઝર્વ બેંક માટે વ્યાજ દર ઘટાડવાનો અવકાશ વધ્યો છે. જનતાના દ્રષ્ટિકોણથી, ઉચ્ચ વૃદ્ધિ અને નરમ ફુગાવો ખૂબ જ અનુકૂળ માનવામાં આવશે. તો પછી, ચિંતા શું છે? વાસ્તવિક સમસ્યા વૃદ્ધિમાં નથી, પરંતુ આવકના સ્તરમાં છે. સરળ શબ્દોમાં કહીએ તો, અર્થતંત્ર વધુ માલ અને સેવાઓનું ઉત્પાદન કરી રહ્યું છે, પરંતુ તેમનું કુલ મૂલ્ય ઝડપથી વધી રહ્યું નથી. વધારો તો દૂર, કેટલાક ક્ષેત્રોમાં ભાવ ઘટી રહ્યા છે. આ સારું લાગે છે, પરંતુ તેના પોતાના પરિણામો છે, જેના માટે અન્ય મોરચે ચૂકવણી કરવી પડે છે. પછી ભલે તે જીએસટી હોય, આવકવેરો હોય કે કોર્પોરેટ ટેક્સ હોય, મહેસૂલ સંગ્રહ વ્યવહારો પર આધાર રાખે છે. જ્યારે વ્યવહાર વૃદ્ધિ ધીમી પડે છે, ત્યારે કર સંગ્રહ પણ ધીમો પડે છે. ગયા વર્ષની તુલનામાં, પ્રત્યક્ષ અને પરોક્ષ કર વૃદ્ધિમાં થોડી નબળાઈનો ટ્રેન્ડ છે. સરકારી આવકમાં ઘટાડો થઈ શકે છે, પરંતુ પગાર, પેન્શન, વ્યાજ ચૂકવણી અને કલ્યાણ યોજનાઓ માટેની જવાબદારીઓ યથાવત રહે છે. જ્યારે સરકાર રસ્તા, રેલ્વે, બંદરો, આવાસ અને ઉર્જામાં મોટા રોકાણ કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો છે, ત્યારે સંસાધનોની જરૂરિયાત સ્વાભાવિક રીતે વધે છે. તેથી, સરકારને સંતુલન જાળવવામાં મુશ્કેલી પડે તે આશ્ચર્યજનક નથી. જો મહેસૂલ આવકમાં ઘટાડો થાય છે, તો તેને સ્પષ્ટપણે વધુ ઉધાર લેવું પડશે અથવા અમુક ખર્ચ કાપનો આશરો લેવો પડશે. નવી મહત્વાકાંક્ષી જાહેરાતોને પણ નિયંત્રિત કરવાની જરૂર પડશે. આગામી બજેટમાં આ પડકારોને પહોંચી વળવા માટે પણ એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરવો પડશે. આ વાર્તામાં ઘણી અન્ય જટિલતાઓ છે. એક લાક્ષણિક એ છે કે વિકાસની અસમાન પ્રકૃતિ. શહેરી વપરાશ મજબૂત રહે છે. એક વર્ગ મોટી સંખ્યામાં નવી કાર ખરીદી રહ્યો છે અને વૈભવી રજાઓ પર ખર્ચ કરવામાં શરમ અનુભવતો નથી. બીજી બાજુ, ઉત્પાદન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો સુસ્ત રહે છે. વીજળીની માંગમાં તાજેતરમાં ઘટાડો થયો છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનું એપ્રિલ રૂ.૧.૪૭ લાખ અને ચાંદી જુલાઈ, ચાંદી-મિની તથા ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદા રૂ.૩ લાખના ઊંચા સ્તરને પાર

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮૩ની તેજીઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૦૧૧૦.૫૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૮૯૧૨.૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૩૦૨૩.૧૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૯૭૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૯૦૨૮.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૦૧૧૦.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૦૮૯૧૨.૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૮૯૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૮૮.૪૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૩૦૨૩.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૨૫૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૩૨૯૬ અને નીચામાં રૂ.૧૪૨૪૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૩૧૨૧ના આગલા બંધ સામે રૂ.૩૧ વધી રૂ.૧૪૩૧૫૨ થયો હતો. આ સામે સોનું એપ્રિલ વાયદો ઉપરમાં રૂ.૧૪૭૭૭૨ના ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૪૮ ઘટી રૂ.૧૧૬૦૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૧૪૫૩૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૧૪૨૮૫૬ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩૧૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૩૫૯૫ અને નીચામાં રૂ.૧૪૨૭૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૩૪૦૬ના આગલા બંધ સામે રૂ.૧૪ વધી રૂ.૧૪૩૪૨૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૮૭૧૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૨૮૬૫ અને નીચામાં રૂ.૨૮૫૫૧૩ના મથાળે અથડાઈ, રૂ.૨૯૧૫૭૭ના આગલા બંધ સામે રૂ.૧૦૪ વધી રૂ.૨૯૧૬૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૭૧ વધી રૂ.૨૯૩૮૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૩૪૧ વધી રૂ.૨૯૩૮૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ચાંદીનો દૂર ડિલિવરી જુલાઈ વાયદો રૂ.૩૦૬૬૫૪, ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૩૦૨૧૯૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૩૦૨૩૨૦ના ઓલ ટાઈમ હાઈ સ્તરને સ્પર્શ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૩૩૯૧.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૧૦.૬ ઘટી રૂ.૧૨૯૭.૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૩ ઘટી રૂ.૩૧૬.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૭૫ ઘટી રૂ.૩૧૬.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૧૯૧.૯ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૪૭૦.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૫૨ અને નીચામાં રૂ.૪૧૧૦ના મથાળે અથડાઈ, રૂ.૯૮ ઘટી રૂ.૪૧૨૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૩૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૩૮ અને નીચામાં રૂ.૫૩૧૪ના મથાળે અથડાઈ, રૂ.૫૩૪૭ના આગલા બંધ સામે રૂ.૮૩ વધી રૂ.૫૪૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૮૬ વધી રૂ.૫૪૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૪ વધી રૂ.૨૮૮.૫ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૫.૫ વધી રૂ.૨૮૮.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૦ના ભાવે ખૂલી, રૂ.૨.૨ વધી રૂ.૯૭૬.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન જાન્યુઆરી વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૬૩૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૨ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૬૭૨ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૬૭૫.૯૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૧૩૪૭.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૮૪૩.૬૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૦.૧૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૩.૭૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૪.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૮.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૫૩.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૯૭.૫૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૪૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૮૨૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૯૩૯૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૮૩૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૦૦૯૫૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૫૩૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૩૯૧૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૭૨૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૮૭૩૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૨૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૩૯૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૮૯૫૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૮૨૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૦૩૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૮૨૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૬ પોઈન્ટ વધી ૩૮૯૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૬.૯ વધી રૂ.૨૬૭.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪ વધી રૂ.૧૨.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧ ઘટી રૂ.૬૩૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૮૨.૫ ઘટી રૂ.૧૩૧૮૯ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૭૯ ઘટી રૂ.૨૫.૭૨ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨ ઘટી રૂ.૩.૩ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૫.૬ ઘટી રૂ.૨૧૩.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮૫ ઘટી રૂ.૧૨.૮૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭.૫ ઘટી રૂ.૭૮૬ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૫૫.૫ ઘટી રૂ.૧૧૮૧૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૫૨ વધી રૂ.૨૯.૦૬ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૦.૬૫ થયો હતો.

### નવસારીમાં નવા ડ્રેનેજ નેટવર્ક અને વોટર સપ્લાય નેટવર્કથી પીવાના પાણી અને આરોગ્યને લગતી સમસ્યામાંથી રાહત મળશે

# નવસારી મનપાના આઉટર વિસ્તારમાં રૂા.૧૧૨ કરોડના ખર્ચે પાણી અને ડ્રેનેજ નેટવર્કથી ૨૫ હજારથી વધુ લોકોને લાભ થશે

### જળ વ્યવસ્થાપનના કાર્યોથી નાના શહેરોને મુશ્કેલીઓથી મુક્ત કરવાનું ગુજરાત સરકારનું અર્બન વિઝન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર શહેરીકરણને વેગ આપવાની સાથે નાગરિકોના ઈઝ ઑફ લિવિંગને વધારવા માટે પ્રતિબદ્ધ છે.

રાજ્ય સરકાર શહેરોના વિસ્તરણ સાથે નવા જોડાતા વિસ્તારોમાં પાણી પુરવઠો, ડ્રેનેજ પાઈપલાઈન, રોડ અને સ્વચ્છતા જેવી મૂળભૂત નાગરિક સુવિધાઓ સુનિશ્ચિત કરી રહી છે. આ અંતર્ગત તાજેતરમાં નવસારી મહાનગરપાલિકાએ રૂા.૧૧૨ કરોડ રૂપિયાનો પાણી પુરવઠા અને ડ્રેનેજ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ નવસારીમાં મહાપાલિકા અમલી બની હતી, જેમાં અગાઉના નવસારી વિજલપોર પાલિકા વિસ્તાર સાથે નજીકના ૪ ગામો એરુ, ધારાગીરી, દાંતેજ અને હાંસાપોરને સમાવી લેવામાં આવ્યા હતા.

શહેરના આ આઉટર વિસ્તારોમાં ચોખ્ખા પીવાના પાણીની અને ડ્રેનેજ લાઈનના અભાવના કારણે પીવાના પાણી અને ડ્રેનેજ લાઈનની ગંભીર સમસ્યા હતી. આ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે નવસારી મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારોમાં આશરે રૂા.૧૧૨ કરોડના ખર્ચે એક નવું પાણી પુરવઠા અને ડ્રેનેજ નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે.

**રૂા.૧૧૨ કરોડના ખર્ચે નવા ડ્રેનેજ નેટવર્કથી ૨૫ હજારથી વધુ લોકોને લાભ થશે**

આ પ્રોજેક્ટ હેઠળ, મહાનગરપાલિકા દ્વારા તબક્કાવાર નવી પાણી અને ડ્રેનેજ પાઈપલાઈન, ઓવરહેડ ટાંકી અને અંડરગ્રાઉન્ડ સંપ, ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP), નવો વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી આધુનિક માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે. તેના કારણે ૨૫,૦૦૦થી વધુ સ્થાનિકોને પીવાના પાણીની સમસ્યા તેમજ ગંદા પાણીના નિકાલની સમસ્યા માંથી મોટી રાહત મળશે. ખાસ તો, બાળકોમાં આરોગ્યને લગતી સમસ્યાઓનો પણ અંત આવશે.

નવસારીમાં પાણી પુરવઠા અને નવું ડ્રેનેજ નેટવર્ક માત્ર માળખાકીય સુવિધાઓમાં સુધારો નહીં કરે, પરંતુ શહેરને સ્વચ્છ, સલામત અને આધુનિક બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું પણ સાબિત થશે. નવસારી મનપા વિસ્તારમાં જે ચાર ગામો જોડવામાં આવ્યા છે તેમાં રોડ, લાઈટ, ડ્રેનેજ પાણીના નવા નેટવર્ક ઉપરાંત ગાર્ડન, તળાવોનો વિકાસ કરી વિહારધામનું નિર્માણ, સિવિક સેન્ટર અને સફાઈ માટે ડસ્ટબિન વિતરણનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

નવસારી મહાનગર પાલિકાના કમિશનર શ્રી દેવ ચૌધરીએ આ પ્રોજેક્ટ અંગે જણાવ્યું કે, "નવા વર્ષે નવસારી મહાનગરપાલિકા શહેરમાં પાયાની સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપી રહી છે. તેમાં ડ્રેનેજ, રસ્તાઓ, સ્ટોર્મ વૉટર અને પાણીની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આ જ ઉદ્દેશથી શહેરથી જોડાયેલા ચાર ગામોમાં ડ્રેનેજ, પાણી અને સ્ટોર્મ વૉટરનું સમગ્ર નેટવર્ક નાખવાની યોજના બનાવવામાં આવી છે. પહેલા ચરણમાં આ ચાર ગામોમાં ડ્રેનેજ અને વૉટર સપ્લાયનું કામ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ નિર્ધારિત સમયરેખા મુજબ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે, જેનાથી લોકોને ટૂંક સમયમાં રાહત મળશે અને સુખાકારીમાં વધારો થશે."

# સાળા-બનેવી સહિત ૩ ને બાઈક ચાલકે ઠોકરે ચડાવતાં ત્રણેય ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર નજીક અલિયાબાડા ગામ પાસે તેમજ લાલપુર પંથકમાં જુદા જુદા બે વાહન અકસ્માતોમાં પાંચ વ્યક્તિ ઘાયલ થઈ છે.

બંને અકસ્માત મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. અકસ્માતનો પ્રથમ બનાવ જામનગર નજીક અલિયાબાડા ગામ પાસે બન્યો હતો. મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ અલીયાબાડા નજીક ગોકુલ પર ગામમાં એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા કમલભાઈ કરસનભાઈ આદિવાસી ખેત મજુર પોતાના ભાઈ પવન તથા બનેવી મોહનભાઈ ત્રણેય કરિયાણાનો માલ સામાન ખરીદીને પગપાળા ચાલીને આલિયાબાડા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન પાછળથી પુર ઝડપે આવી રહેલા બાઈકના ચાલકે સાળા-બનેવી ત્રણેયને હડફેટમાં લઈ લેતાં ઈજાગ્રસ્ત બન્યા હતા અને ત્રણેયને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારનાર નરાધમને ૩૦ વર્ષની સખત કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા જિલ્લાના આંબલિયાસણ વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં મહેસાણાની કોર્ટે આરોપીને સખત સજા ફટકારી છે. ૧૪ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેના પર દુષ્કર્મ આચરનાર આરોપી સત્યનારાયણ ગોસ્વામીને કોર્ટે ૩૦ વર્ષની જેલની સજાનો હુકમ કર્યો છે.આ કેસની ચોંકાવનારી વિગત એ છે કે આરોપી સત્યનારાયણ ગોસ્વામી પોતે પરિણીત છે અને તેને ૧૫ વર્ષની એક દીકરી પણ છે. પોતાની દીકરીની ઉંમરની સગીરા પર હીન કૃત્ય આચરતા તેણે માનવતાની તમામ હદો વટાવી દીધી હતી. આરોપી સગીરાને પટાવી-ફોસલાવીને લગ્નના બહાને ભગાડી ગયો હતો અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

સરકારી વકીલ પરેશકુમાર દવેની ધારદાર દલીલો અને રજૂ કરવામાં આવેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે અવલોકન કર્યું હતું કેઃ કોર્ટે આ ગુનાની ગંભીરતાને જોતા તેને 'રેરેસ્ટ ઓફ રેર' શ્રેણીમાં ગણાવ્યો હતો. આરોપીને ૩૦ વર્ષની કડક કેદની સજા ફટકારવામાં આવી છે. સજાની સાથે જ કોર્ટે પીડિત સગીરાને માનસિક અને શારીરિક આઘાતમાંથી બહાર આવવા માટે રૂ.૧ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. આ ચુકાદાથી સમાજમાં એવો કડક સંદેશ ગયો છે કે સગીરાઓ સામેના ગુનામાં કાયદો કોઈ પણ પ્રકારની નરમાશ દાખવશે નહીં.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


### વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨ બાદ તાજેતરમાં જ જાહેર થયેલા વર્ષ ૨૦૨૪ના સ્ટાર્ટઅપ રેક્ટિંગમાં પણ ગુજરાત અવ્વલ

# રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેક્ટિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યુંઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

### આ સિદ્ધિ બદલ મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર કેબિનેટે આજે રાજ્યના ઉદ્યોગ સાહસિકો તથા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી નીતિઓના પરિણામે ગુજરાતને નેશનલ સ્ટાર્ટઅપ રેક્ટિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'નો દરજ્જો મળ્યો છે. આ એવોર્ડ વર્ષ ૨૦૨૪માં સ્ટાર્ટઅપ ક્ષેત્રે રાજ્ય સરકારે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો છે.

આ અગાઉ પણ ગુજરાતને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT), ભારત સરકાર દ્વારા આયોજિત સ્ટેટ સ્ટાર્ટઅપ રેક્ટિંગમાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨ માટે એમ કુલ ચાર વાર "બેસ્ટ પરફોર્મર સ્ટેટ" તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. આજે એ જ અનુક્રમને જાળવી રાખતા ગુજરાતે ફરી એકવાર વર્ષ ૨૦૨૪ના 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકેની માન્યતા પ્રાપ્ત કરી છે. ગુજરાતની આ સિદ્ધિ બદલ મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર કેબિનેટે આજે રાજ્યના ઉદ્યોગ સાહસિકો તથા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટાર્ટઅપ્સને વેગ આપવા વિશેષ પહેલ કરીને રાજ્યમાં 'સ્ટાર્ટઅપ પોલિસી' અમલમાં મૂકી હતી. દેશના વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના નિર્માણ માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જ તર્જ પર સમગ્ર દેશ માટે 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન'નો વર્ષ ૨૦૧૬માં પ્રારંભ કરાવ્યો હતો. આ મિશન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા યુવાઓના વિચારોને ઉદ્યોગોમાં પરિવર્તિત કરવા માટે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત ઔદ્યોગિક નીતિ હેઠળ રાજ્ય સરકારે ૪૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સને અંદાજે રૂ. ૬૫ કરોડની નાણાકીય સહાય આપી છે. આજે ગુજરાતમાં ૧૬ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેમાં ૨૦૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓ, ૮૫૦થી વધુ મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ તથા શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં ૩૫૦થી વધુ પાયાના સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા વિચારોને પ્રોડક્ટમાં રૂપાંતરિત કરવા માટે રાજ્યમાં ૧૮૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને નોડલ સંસ્થાઓ પણ કાર્યરત છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના વિદ્યાર્થીઓમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦' (SSIP 2.0) હેઠળ ૫ વર્ષ માટે રૂ. ૩૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના સ્કૂલથી લઈને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓને આર્થિક મદદ પૂરી પાડશે. માત્ર અમદાવાદ કે ગાંધીનગર જ નહીં, પણ સુરત, વડોદરા, રાજકોટ અને જામનગર જેવા શહેરો પણ હવે સ્ટાર્ટઅપના મુખ્ય કેન્દ્રો બન્યા છે. રાજ્ય સરકાર આગામી સમયમાં અન્ય શહેરોમાં પણ નવા i-Hub કેન્દ્રો સ્થાપવાનું આયોજન કરી રહી છે. રાજ્ય સરકારની વિશેષ પહેલના પરિણામે ગુજરાત ઉદ્યોગ સાહસિકતાનું આદર્શ રાજ્ય બન્યું છે અને યુવા વર્ગને નવી તકો મળી રહી છે.


નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### રાજ્યના જિલ્લા કલેક્ટર્સ, મ્યુનિસિપલ કમિશનર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓને વર્ચ્યુઅલી સંબોધતા રાજ્યપાલશ્રી

# પ્રાકૃતિક કૃષિ, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સમરસતાથી જ રાષ્ટ્રનું સમગ્ર કલ્યાણ શક્ય છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી





રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર્સ, મ્યુનિસિપલ કમિશનર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધીને પ્રાકૃતિક કૃષિ, વૃક્ષારોપણ, ઉર્જા સંરક્ષણ અને સામાજિક સમરસતા જેવા વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકાસનો સાચો અર્થ આર્થિક પ્રગતિની સાથે આવનારી પેઢીઓ માટે શુદ્ધ હવા, પાણી અને ફળદ્રુપ જમીન સુરક્ષિત કરવાનો છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી હવે રાષ્ટ્રીય મિશન બની ચૂકી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાત આ ક્ષેત્રે અગ્રેસર છે.

તેમણે અધિકારીઓને સૂચના આપી હતી કે, દરેક તાલુકામાં ઓછામાં ઓછું એક પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર હોવું જોઈએ. આ ઉપરાંત મોટા શહેરોમાં તેની સંખ્યા ૪ થી ૫ રાખવી જોઈએ જેથી નાગરિકોને ઝેરમુક્ત પ્રાકૃતિક ઉત્પાદનો સરળતાથી મળી રહે. રાજ્યપાલશ્રીએ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત સંબંધિત ગામમાં ઓછામાં ઓછી એક એકર જમીન પર સઘન વૃક્ષારોપણ કરીને 'મિની જંગલ' વિકસાવવા સૂચવ્યું હતું. તેમજ રોપાયેલા વૃક્ષોની જવાબદારી ગામના જ એક-એક પરિવારને સોંપવામાં આવે, જેથી વૃક્ષો પ્રત્યે ભાવનાત્મક જોડાણ કેળવાય અને તેમનું જતન સુનિશ્ચિત થાય. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, લોકભવન અને અન્ય વિભાગોના પ્રયાસોથી ગત એપ્રિલ માસથી અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા ૧૬ કરોડની વીજળીની બચત થઈ છે. તેમણે સ્ટ્રીટ લાઈટોમાં 'સેન્સર' ને બદલે 'ટાઈમર' લગાવવાનું સૂચન કર્યું, જેનાથી દરરોજ લગભગ દોઢ કલાકની વીજળી બચાવી શકાય છે.

જો આપણે પ્રામાણિકતાથી આ કાર્ય નહીં કરીએ, તો આવનારી પેઢીઓ આપણને માફ નહીં કરે. ધરતી માતા, ગૌ માતા અને પર્યાવરણને બચાવવું એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. આ બેઠકમાં મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી જયંતિ રવિ, લોકભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, ગુજરાત ઉર્જા વિકાસ નિગમના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી જય પ્રકાશ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનુ આહવાન

ગુજરાત રાજ્યના માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા ભારતના બંધારણના અનુચ્છેદ-૧૭૪ (૧) હેઠળ પંદરમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર તા. ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મળવા માટે આહવાન કરવામાં આવ્યું છે. આ સત્રની રૂપરેખા અને કામકાજ અંગેની મહત્વની વિગતો માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા જાહેર કરવામાં આવી છે.

સત્રનુ મુખ્ય કામકાજ

- રાજ્યપાલશ્રીનું સંબોધનઃ સત્રના પ્રથમ દિવસે, તા. ૧૬મી ફેબ્રુઆરીએ રાજ્યપાલશ્રી ગૃહને સંબોધિત કરશે.
- અંદાજપત્રની રજૂઆતઃ નાણામંત્રીશ્રી દ્વારા તા. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું અંદાજપત્ર (બજેટ) રજૂ કરવામાં આવશે.
- વધારાના ખર્ચના પત્રકોઃ અંદાજપત્રની સાથે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૮-૧૯ ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ ના પૂરક પત્રકો પણ રજૂ કરવામાં આવશે.

બેઠકોનું આયોજન અને સમયગાળો

આ સત્ર તા. ૧૬/૦૨/૨૦૨૬ થી તા. ૨૫/૦૩/૨૦૨૬ સુધી કામકાજના કુલ ૨૩ દિવસ ચાલશે, જેમાં કુલ ૨૬ બેઠકો યોજાશે. વિધાનસભાના કામકાજની વહેંચણી નીચે મુજબ કરવામાં આવી છેઃ

- રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચાઃ ૩ બેઠકો.
- સરકારી કામકાજ અને વિધેયકોઃ ૪ બેઠકો.
- નાણાકીય કામકાજઃ કુલ ૧૮ બેઠકો રહેશે જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો અને પૂરક માંગણી પર ચર્ચા અને મતદાન માટે ૨ બેઠકો રહેશે.
- બિનસરકારી કામકાજઃ ૬ બેઠકમાં બિનસરકારી કામકાજ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

પ્રશ્નોત્તરી અને ટેકનોલોજીનો ઉપયોગ

- આ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોનું કામકાજ હાથ ધરવામાં આવશે, જેના માટે માન. અધ્યક્ષશ્રી દ્વારા મંત્રીશ્રીઓના પાંચ જૂથોની રચના કરવામાં આવી છે અને તારાંકિત પ્રશ્નોની સૂચના માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.
- માનનીય સભ્યશ્રીઓની સુવિધા માટે પ્રશ્નોની સૂચના ઓનલાઈન અથવા ઓફલાઈન એમ બંને માધ્યમથી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સત્રની શરૂઆત પહેલા માન. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના પ્રમુખપદે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવશે, જેમાં સત્ર દરમિયાન હાથ ધરવાના કામકાજની વિગતવાર ચર્ચા કરી તેની ભલામણો અનુસાર સભાગૃહમાં કામકાજ હાથ ધરવામાં આવશે. આ અંગેની વધુ વિગતો વિધાનસભાની નેવા વેબસાઈટ (www. gujarat.neva. gov.in) ઉપર ઉપલબ્ધ છે.

### પોલીસ સાથે ઝપાઝપી અને આરોપીઓ ફરાર

# જુગાર ધામ પર રેડ, ટોળાએ ૬ આરોપીઓને ભગાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના પિંગલવાડા ગામે જુગાર ધામ પર રેડ કરવામાં આવી હતી. આ રેડ દરમિયાન પોલીસ અને સ્થાનિક ટોળા વચ્ચે ઘર્ષણ થતા મામલો બિચક્યો છે. ગામની નહેર પાસે ખુલ્લામાં જુગાર રમતા શખ્સોને પકડવા ગયેલી પોલીસ ટીમ પર ટોળાએ હુમલો કરી ઝપાઝપી કરતા ધરપકડ કરાયેલા ૬ જુગારીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.ઘટનાની મળતી માહિતી અનુસાર, કરજણ પોલીસને બાતમી મળી હતી કે, પિંગલવાડા ગામની નવીનગરી જવાની નહેર પાસે ખુલ્લામાં હાર-જીતનો જુગાર રમાઈ રહ્યો છે. મળેલી બાતમીના આધારે પોલીસે ઘટના સ્થળે રેડ કરીને સ્થળ પરથી ૮ જુગારીઓને ઝડપી લીધા હતા. જોકે, પોલીસની આ કાર્યવાહી દરમિયાન અચાનક ગામના લોકોના ટોળા ત્યાં ઉમટી પડ્યા હતા.પોલીસ જ્યારે આરોપીઓને લઈ જઈ રહી હતી, ત્યારે ટોળાએ પોલીસ કામગીરીમાં રૂકાવટ ઉભી કરી હતી. ટોળાએ પોલીસ જવાનો સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી, જેનો લાભ ઉઠાવીને ઝડપાયેલા ૮ પૈકી ૬ જુગારીઓ પોલીસની પકડમાંથી ભાગી છૂટ્યા હતા. સદનસીબે આ ઝપાઝપીમાં કોઈ પોલીસ કર્મચારીને ગંભીર જાનહાનિ પહોંચી ન હતી, પરંતુ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હતી.

આ ઘટનાને ગંભીરતાથી લઈને કરજણ પોલીસે કાયદાનો દંડો ઉગામ્યો છે. પોલીસે સ્થળ પરથી ૨ જુગારીઓ સહિત પોલીસ સાથે ઝપાઝપી કરનાર અન્ય ૭ ઈસમોની ધરપકડ કરી લીધી છે. કરજણ પોલીસે જુગાર ધારા ઉપરાંત પોલીસની કામગીરીમાં રૂકાવટ અને હુમલાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા ૬ જુગારીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### રોડ ક્રોસ કરતી વખતે બની ઘટના

# વડોદરાના વાઘોડિયામાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના વાઘોડિયામાં કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૨ના મોત થયા છે અને વડોદરા-હાલોલ રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં બે લોકોના સારવાર દરમિયાન મોત થયા છે અને કારમાં સવાર લોકો હાલોલ જઈ રહ્યા હતા. વડોદરાના હાલોલ રોડ પર અકસ્માતની ઘટના સામે આવી છે જેમાં ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો અને અકસ્માતમાં ૨ના સારવાર દરમિયાન મોત થયા છે, પોલીસે સમગ્ર મામલે અકસ્માતનો ગુનો નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે, ઈકો કાર લઈ મેડી મદાર ગામનો પરિવાર હાલોલ જઈ રહ્યો હતો.

ઈકોમાં માતા, પિતા અને પુત્રી જઈ રહ્યા હતા તે દરમિયાન જરોદ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ રેલીસ હોટલ પાસે આ અકસ્માત સર્જાયો હતો, ઈકો કાર લઈ રોડ ક્રોસ કરતી વખતે બાઈક સાથે સર્જાયો અકસ્માત અને અકસ્માતમાં ઈકો કારમાં સવાર પુત્રી રક્ષાનું મોત થયું છે, તો અકસ્માતમાં બાઈક ચાલકનું પણ સારવાર દરમિયાન મોત થયું છે અને બાઈક પાછળ બેઠેલા લોકોને ઈજા પહોંચી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં કલેકટર કોન્ફરન્સ સંપન્ન

**લોકોની રજૂઆતો સાંભળી તેના જિલ્લા સ્તરે ઝડપી અને પ્રામાણિક નિવારણ માટેની વધુ સુદ્રઢ વ્યવસ્થા વિકસાવવા મુખ્યમંત્રીશ્રીની તાકીદ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેકટરોને લોકોની રજૂઆતો સાંભળી તેના ઝડપી, પ્રામાણિક નિવારણ માટે જિલ્લા સ્તરે વધુ સુદ્રઢ વ્યવસ્થા વિકસાવવાની તાકીદ કરી છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું કે, જિલ્લામાં રજૂઆતો માટે આવનારી વ્યક્તિની મુશ્કેલી સમજીને તેને સહાયરૂપ થવાની સંવેદનાથી જ લોકોનો ભરોસો-વિશ્વાસ સંપાદિત થઈ શકશે.

તેમણે જિલ્લા કક્ષાએ નિવારણ થઈ શકે તેવા પ્રશ્નો માટે લોકોને સરકાર સુધી કે વિભાગો સુધી આવવું ના પડે અને સ્થાનિક સ્તરે જ તેનું નિવારણ ઝડપી, પારદર્શી અને અસરકારક રીતે આવે તે માટે કલેકટરોને ખાસ તાકીદ કરી હતી.

ગાંધીનગરમાં યોજાયેલી કલેકટર કોન્ફરન્સના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરોને ફિલ્ડ વિઝીટને અગ્રતા આપીને સરકારી યોજનાઓના અસરકારક અમલનું મોનીટરીંગ કરવા સૂચનો કર્યા હતા. તેમણે ઓનેસ્ટી, ઈન્ટીગ્રિટી, કોમ્પીટન્સ અને ઈફેક્ટિવનેસના મુખ્ય આધાર પર સમગ્ર જિલ્લાની કામગીરીનું નેતૃત્વ કરવાનો પણ અનુરોધ કલેકટરોને કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરોને જણાવ્યું કે, તેમણે જિલ્લાના વડા તરીકેનું જે દાયિત્વ મળ્યું છે તેને નાનામાં નાના માનવીની સમસ્યાના નિરાકરણની જવાબદારી નિભાવીને વહન કરવાની મોટી તક છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ ઉમેર્યું કે, રાજ્યમાં જે સંગીન નાણાંકીય વ્યવસ્થાપન છે તેના કારણે હવે વિકાસ કામોમાં નાણાંની કોઈ તંગી નથી પડતી આ સંજોગોમાં જિલ્લામાં વિવિધ યોજનાઓના ચાલતા વિકાસ કામો ઝડપી અને ગુણવત્તાયુક્ત થાય તે માટે જિલ્લાની ટીમનું નેતૃત્વ કરીને કલેકટરો યોગ્ય નિગરાની રાખે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યના જિલ્લા કલેકટરોને ટીમવર્કથી અને એકબીજા સાથે ચર્ચા કરીને સાથે મળીને કામ કરવાનું આહવાન કરતા કહ્યું કે, પરિપત્રો-નિયમોનું જિલ્લાઓમાં અલગ અલગ અર્થઘટન ન થાય અને લોકોને પોતાના કામોમાં સરળતા રહે તે માટે જિલ્લા કલેકટરો જવાબદારી પૂર્વક કાર્યરત રહે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર તમારી સાથે છે અને સાચી વ્યક્તિ પરેશાન ન થાય અને ખોટી વ્યક્તિ કોઈને તકલીફ ઉભી ન કરે તે માટેની સુઝ બૂઝથી કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વિના સારા અને નેક કામો માટે જિલ્લાની ટીમનું નેતૃત્વ કલેકટરોએ કરવાનું છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યુ કે, પ્રાકૃતિક ખેતી સ્વસ્થ જીવનશૌલી માટે અગત્યની છે. રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીનું મિશન ઉપાડ્યુ છે. જિલ્લા કલેકટરોને પોતાના જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપીને આ મિશન પાર પાડવા પણ તેમણે આહવાન કર્યુ હતુ.

મહેસુલ રાજ્ય મંત્રી શ્રી સંજય સિંહ મહિડાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં યોજાઈ રહેલી આ કોન્ફરન્સ મહેસુલ વિભાગની સર્વગ્રાહી કામગીરીને વધુ ગતિ આપશે તેમ જણાવ્યું હતું.

તેમણે જિલ્લા કલેકટરોને જન પ્રતિનિધિઓની રજૂઆતો પર યોગ્ય કાર્યવાહી કરવા સ્વામીત્વ યોજનામાં મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણમાં ગતિ આપવા તથા જિલ્લા કક્ષાએ પણ ફીડબેક મિકેનિઝમ વધુ સુચારુ બનાવવાના સૂચનો કર્યા હતા. એટલું જ નહીં, ઓનલાઈન કામગીરી માટેના પોર્ટલ્સની સમયાંતરે સમીક્ષા થાય તેવી પણ તેમણે હિમાયત કરી હતી.

મહેસુલ રાજ્યમંત્રીશ્રીએ નવા રચાયેલા તાલુકા મથકોએ લોકોને ઝડપી સેવાઓ મળી રહે તે માટે સરકારી કચેરીઓ ત્વરાએ કાર્યરત થાય તે માટેના અને મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં આગામી સમયમાં જિલ્લા વાઈઝ સમીક્ષા બેઠકો યોજવા માટેના સૂચનો આ બેઠકમાં કર્યા હતા.

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિએ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે મહેસુલી સરળીકરણના લોકહિત પગલાંઓ લીધા છે તેનો લાભ નીચે સુધી પહોંચે તેવું ક્ષમતા નિર્માણ અને તાલીમ જિલ્લાના કર્મયોગીઓને આપવાનું કામ જિલ્લા કલેકટરો ઉપાડી લે.

મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં જ એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને તાલુકા કક્ષાએ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રિફોર્મ્સની જગ્યાઓ મંજૂર કરી છે તેના પરિણામે જમીનને સ્પર્શતા પ્રશ્નોની પેન્ડન્સી ઘટે તે દિશામાં કલેકટરો ખાસ ધ્યાન આપે તે જરૂરી છે તેમ અધિક મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યુ હતુ.આ કોન્ફરન્સમાં મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, વરિષ્ઠ સચિવો, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે તથા જિલ્લા કલેકટરો અને મહેસુલ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ એક દિવસીય પરિષદમાં ખાસ કરીને **iORA/E-Dhara, iRCMS, DCLR/ALT**ના પડતર કેસોની સમીક્ષા અને આરોગ્ય વિભાગ સંબંધિત મુદ્દાઓના ચર્ચા-મંથન કરવામાં આવ્યા હતા.

# અમદાવાદના આંબાવાડીની દારૂ મહેફીલમાં હાજર યુવતિઓ નશામાં હોવા અંગેની કાયદેસર તપાસ કર્યા વિના જ પોલીસે મુકત કરી દેતા ઉઠયા સવાલો







પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદમાં ઉત્તરાયણના પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી, જો કે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આંબાવાડી નજીક એક ધાબા પર વાસી ઉત્તરાયણની સાંજે એક યુવકે દારૂની મહેફીલનુ આયોજન કર્યુ હતુ, શરાબ, શબાબ અને હુકકા પાર્ટી શરૂ થઈ ત્યાં જ શહેર પોલીસ ત્રાટકી અને કાર્યવાહી હાથ ધરાઈ હતી. જો કે પોલીસે દરોડા પાડયા જેમાં ત્યાં હાજર યુવતિઓને પોલીસ ચોપડે બતાવતા પહેલા જ કલીનચીટ આપી દેવામાં આવતા ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. અમદાવાદના આંબાવાડી નજીક આવેલા સેન્ટેરીયન વિસ્ટા એપાર્ટમેન્ટમાં વાસી ઉત્તરાયણની સાંજે ફલેટમાં રહેતા કુશલ શાહ નામના યુવકે દારૂ હુકકા પાર્ટીનુ આયોજન કર્યુ હતું , જેમાં બ્રાન્ડેડ દારૂની બોટલો, બીયર ના ટીન અને હુકકા તેમજ અન્ય વસ્તુઓ સાથે મહેફીલ યોજાઈ હતી. જે અંગે ગુજરાત યુનિર્વસિટી પોલીસને જાણ થતા પોલીસે દરોડા પાડયા હતા. જાતિ દારૂ પીધેલી હાલતમાં ૧૬ યુવકો મળી આવ્યા હતા. ગુજરાત યુનિર્વસિટી પોલીસે કુશલ શાહ (સેન્ટેરીયન વિસ્ટા, આંબાવાડી) આશીલ શાહ (સેટેલાઈટ), જયશલ શાહ (બોપલ), રાજ વસા (આંબાવાડી), પ્રદિપ સાંઘી (સેટેલાઈટ), રસીક પ્રજાપતિ (ચાંદખેડા), વિદીત પટેલ (સાબરમતી), બિપીન પનારા (સાબરમતી), ધ્રૂવ પટેલ (થલતેજ), મહાવીર કોઠારી (આંબલી), તરૂણ સોમાની (બોડકદેવ), વિશાલ સોની (સેટેલાઈટ), બાબુ પાલીવાલ (ઘાટલોડીયા), આશીષ કટારા (બોડકદેવ), જોરાવરસિંહ ચૌહાણ (બોડકદેવ), સોનુ લોદી (નવરંગપુરા), નંદીક ત્રિવેદી (સેટેલાઈટ) ની ધરપકડ કરી છે. તમામ યુવકો દારૂના નશામાં મળી આવ્યા હતા.

ગુજરાત યુનિર્વસિટી પોલીસે દારૂ મહેફીલમાં રંગ માં ભંગ તો પાડયો પણ કાર્યવાહી કરવામાં ઢીલ મુકી હોય તેવુ ફરીયાદ પરથી લાગી રહ્યુ છે. કારણ કે પોલીસે દરોડા પાડયા ત્યાંથી દારૂની ભરેલી ૧૧ અને ખાલી ૨ બોટલ મળી આવી હતી. બીયરની ૨૧ ભરેલી અને ૬ ખાલી બોટલ મળી આવી હતી પરંતુ જગ્યા પર રાખવામાં આવેલા હુકકા કબ્જે ન કર્યા, પોલીસે દારૂ પીવા માટે લવાયેલા ગ્લાસ, પાણી, સોડા, કોલ્ડીંકન્સ, સહિત ૪૫ હજાર નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પરંતુ મહેફીલ માણનારા ૧૬ નબીરાઓ પાસેથી એકપણ મોબાઈલ ન મળ્યો અને તેઓની વૈભવી ગાડીઓ પણ ન મળી. મહત્વનુ છે કે ગુજરાત પોલીસે જયારે દરોડા પાડયા ત્યારે ત્યાં ૪ યુવતિઓ પણ હાજર હતી, જે યુવતિઓએ કેમેરા જોતાની સાથે જ પોતાના ચહેરા ઢાંકી દીધા હતા. ગુજરાત યુનિર્વસિટી પોલીસે જયારે ગુન્હો દાખલ કર્યો તેમાં ૧૭ યુવકોના નામ જ સામેલ હતા, આ મામલે પોલીસને પુછવામાં આવતા તેઓએ એવો જવાબ આપ્યો હતો કે યુવતિઓ દારૂના નશામાં ન હતી. એટલે તેમની સામે કાર્યવાહી કરવામાં આવી નથી. પોલીસે બ્રેથ એનલાઈઝર થી તપાસ કર્યા વિના તેમજ મેડીકલ રીપોર્ટ વિના જ યુવતિઓને કલીનચીટ કઈ રીતે આપી દીધી તે પણ સવાલ ઉભો થવા પામ્યો છે.

આરોપીઓની પુછપરછમાં બહાર આવ્યુ કે કુશલ શાહ દારૂ લાવ્યો હતો અને તે અવાર નવાર વિદેશ જતો આવતો હોવાથી તે આ દારૂની બોટલ લાવ્યો હોવાનુ ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને બીયરની વાત કરીએ તો આ બીયરનો જથ્થો તેણે સેટેલાઈટના નંદીક ત્રિવેદી નામના યુવક પાસે મંગાવ્યો હતો. જો કે નંદીક હાલ ફરાર હોય તેના પકડાયા બાદ વધુ ખુલાસા થઈ શકશે.

# અમદાવાદમાં અશાંતધારા મામલે તંત્રએ કરી મોટી કાર્યવાહીઃ પાલડી ના ૯ બંગલા તોડીને મુળ માલીકોને પરત કરાશે




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ અશાંતધારા મામલે કલેકટર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઉત્તરાયણની રજાઓ પુરી થતા જ અમદાવાદના પાલડી વિસ્તારમાં મેગા ડીમોલીશન હાથ ધરાયુ હતું. જેમાં ૯ આલીશાન બંગલા તોડી પાડવામાં આવ્યા હતા. આ બંગલાઓને તેમના મુળ હિન્દુ માલીકોને પરત કરવામાં આવશે.

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી નુતન સર્વોદય કો.ઓ. હાઉસિંગ સોસાયટીમાં અશાંતધારાનો ભંગ થવાના મામલે કલેકટરે મોટી કાર્યવાહી કરી છે. ડેપ્યુટી સીટી કલેકટર (પશ્ચિમ અમદાવાદ) ની કોર્ટ દ્વારા ૯ બંગલાના વેચાણ દસ્તાવેજોને રદ બાતલ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે અને આ બંગલા હવે મુળ હિન્દુ માલીકોને પરત આપવામાં આવશે, નુતન સર્વોદય કો.ઓ. હાઉસિંગ સોસાયટીના બંગલા તેમના ૯ હિન્દુ માલિકો દ્વારા વેચાણ કરેલ દસ્તાવેજ રદ બાતલ કરાયા છે. ડેપ્યુટી સીટી કલેકટર પશ્ચિમ અમદાવાદની કોર્ટ દ્વારા હુકમ કરાયો છે. જેમાં જવાબદાર સામે ફોજદારીનો ગુન્હો દાખલ કરવા મામલતદાર ને હુકમ કરવામાં આવ્યો છે. દસ્તાવેજ રદ બાતલ થતા સ્થાનિક હિન્દુ પરીવારોમાં ખુશીની લાગણી ફેલાઈ છે. એલીસબ્રીજના ધારાસભ્ય અમિત શાહ દ્વારા આ અંગે રજુઆત કરાઈ હતી, આ મુદ્દે એલીસબ્રીજના ધારાસભ્ય અમિત શાહે કહ્યુ હતુ કે નુતન સર્વોદય સોસાયટીમાં અશાંતધારાનો ભંગ થયો હતો જે અંગે અમે મુખ્યમંત્રીને રજુઆત કરી હતી. જે બાદ કાર્યવાહી થઈ છે.

# પાસ નેતા અલ્પેશ કથિરીયા સામે પોલીસ ફરીયાદઃ પતંગ બાબતે ભાઈ સાથે મળીને કરી મારામારી




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતમાં પાસ ના નેતા અલ્પેશ કથિરીયા અને તેના ભાઈ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પતંગ ખરીદવા આવેલા ગ્રાહકોને બંને ભાઈઓ દ્વારા ફટકારવામાં આવ્યા હોવાની ફરીયાદ સુરતના પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના સરથાણા કિરણ ચોક પાસે પાટીદાર પાઘડીવાળા પતંગ સ્ટોર્સમાં ઝઘડો થયો હતો, દુકાન ચલાવતા અલ્પેશ કથિરીયાના ભાઈ સાથે ભાવને લઈ એક ગ્રાહકને માથાકુટ થઈ હતી ત્યારે ભાઈનુ ઉપરાણુ લઈ અલ્પેશ કથિરીયા, તેના ભાઈ સહિત ૩ શખ્સોએ ત્રણેય સાથે ઝઘડો કરી ઢીકકા મુકકી નો માર માર્યો હતો. માર મારીને લઈ ચંદ્રેશ અને તેના ૩ મિત્રો સરથાણા પોલીસ મથકે પહોચ્યા હતા.

અલ્પેશ સહિત ૩ વિરૂધ્ધ સરથાણા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. અલ્પેશ કથિરીયા સહિત ૩ વિરૂધ્ધ બીએનએસની કલમ ૩૫૨, ૧૧૫(૨), ૫૪ અંતર્ગત એનસી ગુન્હો નોંધ્યો છે.

# હિંમતનગર માં મનાઈ હુકમ હોવા છતાં કલેકટરના આશીર્વાદથી ધમધમી રહેલ જ્ઞાન જયોત ઉત્તર બુનિયાદી વિદ્યાલય

## જ્ઞાન જયોત ઉત્તર બુનિયાદી વિદ્યાલયના સત્તાધીશોએ મનાઈ હુકમ થી બચવા રાતોરાત ખેલ પાડી સંસ્થાનુ નામ બદલી નાખ્યુ હોવાની ચર્ચાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર તાલુકાના નવા ગામે નવા કેળવણી મંડળ સંચાલીત જ્ઞાન જયોત ઉત્તર બુનિયાદી વિદ્યાલય ને જે તે સમયે સરકાર માન્ય શાળાના બાંધકામો માટે અને હેતુ માટે જમીન ફાળવેલ હતી, તે હેતુ સંસ્થા દ્વારા અને શરતોને આધીન જમીન ફાળવવામાં આવી હતી ને શરતોનુ સંસ્થા દ્વારા પાલન કરવામાં ન આવતા સરકાર દ્વારા જમીન શ્રી સરકાર કરવાનો હુકમ કર્યો હતો. જે હુકમની ઉપરવટ થઈ પ્રમુખ નવા એજયુકેશન ટ્રસ્ટ સહિતના ટ્રસ્ટીઓ સરદાર વલ્લભભાઈ પટેલ મહેસુલી અપીલ અને રીવીઝન ભવન (એસએસઆરડી) ખાતે અપીલ દાખલ કરવામાં આવી હતી. જે અપીલ ચાલી જતા સરદાર વલ્લભભાઈ પટેલ મહેસુલી અપીલ અને રીવીઝન ભવન (એસએસઆરડી) એ વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈ તારીખ ૧૬/૧/૨૦૨૩ ની સામે તારીખ ૧૦/૫/૨૦૨૩ સુધી મનાઈ હુકમ આપ્યો હતો. મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના નવા ગામની બ્લોક નંબર ૫૩૨ પૈકી ૨ ની જમીન કચેરીના તારીખ ૨૮/૯/૨૦૦૧ ના હુકમ નંબર વીપી/ જમીન-૩/વશી/૯૮૦/૨૦૦૧ થી નવા કેળવણી મંડળ સંચાલિત જ્ઞાન જયોત ઉત્તર બુનિયાદી વિદ્યાલય સંચાલીત સરકાર માન્ય શાળા ના બાંધકામ માટે ૨૪૦૦ ચો.મી. જમીન ધોરણ ૮ ની ફી રૂપીયા ૧૫૭૫૦, ધોરણ ૯ થી ૧૦ ની ફી રૂપીયા ૧૯ હજાર અને ધોરણ ૧૧ અને ૧૨ ની ફી રૂપીયા ૨૭ હજાર લેવામાં આવતી હોવાના કારણોસર કલેકટરના તારીખ ૨૮/૯/૨૦૦૧ ના હુકમ અને શરતોનો ભંગ થયેલ હોવાનુ જણાતા જમીનને શ્રી સરકાર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. તો સામે પક્ષે મનાઈ અરજી કરવામાં આવી હતી જેમાં નર્સરીથી ધોરણ ૧૨ સુધી કુલ ૪૮૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાની, માર્ચ ૨૦૨૩ માં તમામ વિદ્યાર્થીઓ સીબીએસસી બોર્ડ ની વાર્ષિક પરીક્ષા યોજાવવાની હોવાની તથા બિલ્ડીગનો કબ્જો લઈ લેવામાં આવે તો વિદ્યાર્થીઓના ભવિષ્યને અસર થવાની રજુઆતથી મનાઈ હુકમ આપવા માટે રજુઆત કરવામાં આવી હતી. જેને લઈ સરદાર વલ્લભભાઈ પટેલ મહેસુલી અપીલ અને રીવીઝન ભવન (એસએસઆરડી) દ્વારા વિદ્યાર્થીઓનુ ભવિષ્ય જોખમાય નહી તે હેતુસર તારીખ ૧૬/૧/૨૦૨૩ ની સામે ૧૦/૫/૨૦૨૩ સુધીનો મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો. તેમ છતાં આજે સાબરકાંઠા જિલ્લા કલેકટરના આશીર્વાદ થી જ્ઞાન જયોત ઉત્તર બુનિયાદી વિદ્યાલય જે તે સ્થળે ધમધમી રહી હોવાનુ જણાઈ રહ્યુ છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ સત્તાધીશો દ્વારા સંસ્થાનુ નામ બદલી હાલમાં ગ્લોબસ પ્રાઈમરી સ્કુલ નુ નામ આપવામાં આવ્યુ છે ત્યારે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો સરકારી શાળા માટે ટોકન દરે આપેલી જમીનના પ્રકરણમાં મોટી ગેરરીતી બહાર આવવાની શકયતાઓ સેવાઈ રહી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત

# જિલ્લા પંચાયતોમાં કરાર આધારીત ભરતીમાં મેરીટમાં લાવવા માટે લાખો રૂપીયાના ભાવો બોલાયા

## મેરીટ આધારે ભરતી કરવાની કોઈ સુચના એનએચએમમાંથી આપવામાં આવી નથીઃ સુત્રો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના આરોગ્ય વિભાગના નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કેટલીક જિલ્લા પંચાયતોના આરોગ્ય વિભાગની મહત્વની જગ્યાઓ કરાર આધારીત ભરવા માટે જે તે જિલ્લા પંચાયતો દ્વારા અખબારોમાં જાહેરાતો આપી ઓનલાઈનથી અરજીઓ મંગાવવામાં આવી હતી.

કેટલીક જિલ્લા પંચાયતોના સત્તાધીશો કહી રહ્યા છે કે આ જગ્યાઓ મેરીટના આધારે ભરવાની હોય છે અને તેની સુચના સરકારમાંથી આપવામાં આવી છે. ૧૧ માસના કરાર આધારીત ભરતીમાં મેરીટના સુંવાળા નામે ખુલ્લેઆમ કેટલીક જિલ્લા પંચાયતોના અધિકારીઓ / પદાધિકારીઓ દ્વારા રીતસર મેરીટમાં લાવવા માટે લાખો રૂપીયાના ભાવો બોલાઈ રહ્યા હોવાની બુમરોળ ઉઠવા પામી છે. હાલમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ભરતીમાં આરોગ્ય વિભાગ દ્વારા રોક લગાડી દેવામાં આવી છે. જે હાલમાં ભરતી માટે મંજુરી આપવી કે નહી તે વિચારણા હેઠળ છે. ત્યારે વિચારણા હેઠળ ભરતીમાં મોટાપાયે જિલ્લા પંચાયતોના સત્તાધીશો દ્વારા દલાલો (એજન્ટો) ઉભા કરી મેરીટમાં લાવવા માટે પોસ્ટીંગ તેવા ભાવો બોલાઈ રહ્યા છે. કરાર આધારીત ભરતીમાં નોકરીનુ પુરેપુરૂ જોખમ હોય છે, ગમે ત્યારે સરકાર તેમને છુટા કરી શકે છે. તેમાં કોઈ અરજદાર બાંધછોડ કરી શકે નહી, તેમ છતાં મેરીટનુ ગતકડુ ઉમેરાવા પાછળનુ કારણ શું ? મેરીટના નામે ખુલ્લેઆમ સરકારી બાબુઓ દલાલો મારફતે રૂપીયાનુ ઉઘરાણુ કરાવી રહ્યા છે. મેરીટમાં તમારૂ નામ લાવવુ હોય તો ડીડીઓ સાહેબ સુધી વહેવાર કરવો પડતો હોય છે. ડીડીઓ સાહેબને વહીવટ કર્યો એટલે સમજી લો કે તમારૂ નામ મેરીટમાં આવી ગયું તેવી લાલચ આપી ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે.

કરાર આધારીત ભરતીમાં મેરીટમાં લાવવા પાછળનુ કારણ શું ? શું આ મેરીટના આધારે સરકાર કાયમી નોકરી અપાવી શકવાની છે ? જો કાયમી નોકરી અપાવી શકતી હોય તો જે તે જિલ્લા પંચાયતના સત્તાધીશોએ ભવિષ્યમાં કાયમી થશો તેવો બાંહેધરી પત્ર આપવો જોઈએ, જો કાયમી નોકરી અપાવી ન શકતા હોય તો મેરીટ શબ્દનો ઉમેરો કરવા પાછળનુ કારણ શું ? મેરીટના નામે જિલ્લા પંચાયતોમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચારને આમંત્રણ મળી રહ્યુ છે.

તો બીજી તરફ એનએચએમ ના સુત્રોએ જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયતોમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે જે તે જિલ્લા પંચાયતના સત્તાધીશોને જવાબદારી સોંપવામાં આવી છે અને જિલ્લા પંચાયતોમાં કમિટી બનાવી આ જગ્યાઓ ભરવાની હોય છે અને તેનો પગાર પણ જે તે જિલ્લા પંચાયતો ચુકવતી હોય છે. ત્યારે મેરીટનો શબ્દ અમારા કચેરીમાંથી આપવામાં આવ્યો નથી કે મેરીટના નામે કોઈ પરીપત્ર કે મૌખિક સુચના આપવામાં આવી નથી.

# અરવલ્લી જિલ્લાના ભિલોડા અને શામળાજી તાલુકો સજજડ બંધ પળાયોઃ વિદ્યાર્થીને માર મારવાની ઘટનામાં બે દિવસીય બંધનુ એલાન અપાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. ભિલોડાની આરજી બારોટ કોલેજ ના નર્સિંગના એક વિદ્યાર્થીને નિર્મમ રીતે માર મારવાની ઘટનાએ સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચાવી દીધો છે. આ ઘટનાના વિરોધમાં આજે શુક્રવારે આદિવાસી સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના એલાનને પગલે ભિલોડા અને શામળાજી તાલુકાઓ સંપૂર્ણ બંધ રહેવા પામ્યા હતા.

મળતી માહિતી મુજબ આર જી બારોટ સંસ્થાના સંચાલક દેવાંગ બારોટ દ્વારા એક નર્સિંગના વિદ્યાર્થીને કોઈ કારણોસર ઢોર માર મારવામાં આવ્યો હતો જેથી તેને હોસ્પીટલમાં સારવાર લેવી પડી હતી. આ મારપીટની વિગતો સોશીયલ મીડીયામાં વાયુ વેગે ફેલાતા આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ ભિલોડા તાલુકો રાજયના અન્ન નાગરીક પુરવઠા મંત્રી પી સી બરંડાનો કહેવાય છે અને પી સી બરંડાનો મત વિસ્તાર છે. ત્યારે આદિવાસી સમાજે ન્યાય માટે સરકાર ને અપીલ કરી છે. પીડીત વિદ્યાર્થી આદિવાસી સમાજનો હોવાથી આ મુદ્દાએ સામાજિક અને રાજકીય મોરચે મોટુ સ્વરૂપ ધારણ કર્યુ છે. વિદ્યાર્થીને માર મારવાના મામલે સ્થાનિક પોલીસ મથકે દેવાંગ બારોટ વિરૂધ્ધ ફરીયાદ નોંધવામાં આવી હતી. પોલીસે આ મામલે કડક વલણ અપનાવી અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણધારો (એટ્રોસીટી) હેઠળ ગુન્હો દાખલ કર્યો છે. ફરીયાદ નોંધાયા બાદ તુરંત જ પોલીસ હરકતમાં આવી હતી અને આરોપી દેવાંગ બારોટની ધરપકડ કરી લેવામા આવી છે. જો કે ધરપકડ બાદ પણ ભિલોડા જનતાનો આક્રોશ શમવાનુ નામ નથી લઈ રહ્યો.

આદિવાસી સમાજના વિવિધ સંગઠનો દ્વારા આ ઘટનાના વિરોધમાં બે દિવસીય બંધનુ એલાન આપવામાં આવ્યુ છે. આજે બંધના પ્રથમ દિવસે ભિલોડા અને શામળાજી ના બજારો સવાર થી જ સુમસામ જોવા મળ્યા હતા. કરીયાણાની દુકાનો થી માંડીને નાના ગલ્લાઓ અને મોટા શોરૂમ સહિત ના તમામ વેપારી કામકાજ બંધ રહેવા પામ્યુ હતું. વેપારીઓએ પણ સ્વયંભુ રીતે આ બંધને સમર્થન આપીને વિદ્યાર્થી પર થયેલા અન્યાય સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તો બીજી તરફ કોઈ અનિચ્છિનીય ઘટના ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેને લઈ અરવલ્લી જિલ્લા પોલીસવડા દ્વારા ભિલોડા અને શામળાજીમાં પોલીસનો મોટો કાફલો તૈનાત કરી દેવામા આવ્યો હતો.

એસઆરપીની ટુકડીઓ અને સ્થાનિક પોલીસ સતત પેટ્રોલીંગ કરી રહી છે. આદિવાસી સંગઠનોની સ્પષ્ટ માંગ છે કે માત્ર ધરપકડ પુરતી નથી, પરંતુ આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ સંચાલક વિદ્યાર્થીઓ સામે આવુ કૃત્ય કરવાની હિંમત ન કરે, આ ઘટનાએ શિક્ષણ જગતમાં પણ ચિંતા જન્માવી છે.

હાલમાં બંને તાલુકાઓમાં જનજીવન સ્થગિત છે અને લોકો ન્યાયની પ્રતિક્ષા કરી રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કતપુર ટોલ પ્લાઝા પર ઈન્કમટેક્ષના દરોડાઃ કર ચોરી કે ગેરરીતી? સવાર થી જ ટોલ પ્લાઝા પર ઈન્કમટેક્ષ ટીમના ધામા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં આવકવેરા ખાતાએ આજે સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે ના પ્રાંતિજ નજીક આવેલ કતપુર ના ટોલ પ્લાઝા પર દરોડા કાર્યવાહી હાથ ધરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. ટોલ પ્લાઝા માં કાળા ધોળાનો વહિવટ અને ગેરરીતી થતી હોવાની બાતમીના આધારે આ કાર્યવાહી થી સન્નાટો મચી જવા પામ્યો છે. સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ કે જિલ્લાના પ્રાંતિજ નજીક આવેલા કતપુર ખાતેના ટોલ પ્લાઝા પર આજે શુક્રવારે સવારે ઈન્કમટેક્ષના અધિકારીઓની ટીમ ત્રાટકી હતી. ૧૫ થી વધુ અધિકારીઓ દ્વારા તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટોલ પ્લાઝાના દસ્તાવેજો તથા હિસાબોની ચકાસણી કરવામાં આવી હતી. ટોલ પ્લાઝા પર ઈન્કમટેક્ષ રેડ થી કરદાતાઓમાં પણ સોંપો પડી ગયો છે. ટોલ પ્લાઝા મારફત કરચોરી થતી હશે કે અન્ય કોઈ કારણોસર દરોડા પાડવામાં આવ્યા તે વિશે તર્કવિતર્કો વ્યકત થઈ રહ્યા છે. દરોડા કાર્યવાહી પુર્ણ થયા બાદ આવકવેરા વિભાગ દ્વારા વિગતો જાહેર કરવામાં આવે તેવુ માનવામાં આવી રહ્યુ છે.

નાણાંકીય વર્ષ સમાપ્તીના આડે માંડ અઢી મહિના બાકી રહ્યા છે તે પુર્વે ઈન્કમટેક્ષ વસુલાતનો ટાર્ગેટ સિધ્ધ કરવા માટે મોટાપાયે કાર્યવાહી કરેલ તેવી અટકળો ચાલી જ રહી છે. તેવા સમયે ટોલ પ્લાઝા પરના દરોડાથી કરવેરા નિષ્ણાંતો પણ સ્તબ્ધ થઈ ગયા છે.

# અરવિંદ કેજરીવાલ આજથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસેઃ અમદાવાદ અને વડોદરામાં યોજાશે ભવ્ય કાર્યકર્તા સંમેલન

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં કેન્દ્રીય નેતાઓના આંટા ફેરા વધી ગયા છે. થોડા સમય અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ના ગયા બાદ આજે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

અરવિંદ કેજરીવાલ બાદ રાહુલ ગાંધી પણ નજીકના દિવસોમાં ગુજરાતમા આવી રહ્યા છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે. આજે ૧૭ જાન્યુઆરીએ શનિવારે સાંજે તેમનુ અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે. જયાં પાર્ટીના ટોચના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે, આ પ્રવાસ દરમિયાન અરવિંદ કેજરીવાલ ગુજરાતના ૭ ઝોન હેઠળ સંગઠનને મજબુત કરવા માટે ઝોન વાઈઝ કાર્યકર્તા સંમેલનોમાં હાજરી આપશે, તેઓ ૧૮ જાન્યુઆરીએ અમદાવાદમાં મધ્ય ઝોન કાર્યકર્તા સંમેલનને સંબોધીત કરશે. ત્યારબાદ ૧૯ જાન્યુઆરીએ તેઓ વડોદરામાં પૂર્વ ઝોન કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપશે. આ સંમેલનોમાં અરવિંદ કેજરીવાલની સાથે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ ગોપાલ રાય અને દુર્ગેશ પાઠક પણ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત ગુજરાતના પ્રદેશ નેતાઓ ઈસુદાન ગઢવી, મનોજ સોરઠીયા, ગોપાલ ઈટાલીયા, હેમંત ખવા અને ચૈતર વસાવા પણ મંચ પર હાજર રહેશે. આ સંમેલનનો મુખ્ય હેતુ નજીકમાં આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં તાલુકા, જિલ્લા , મહાનગર અને છેક બુથ લેવલના કાર્યકર્તાઓને આગામી રણનીતી માટે માર્ગદર્શન આપવાનો છે. નોંધનીય છે કે આમ આદમી પાર્ટીએ તાજેતરમાં ગુજરાતભરમાં ૧૮ હજાર થી વધુ નાની મોટી સભાઓ કરીને જનસંપર્ક વધાર્યો છે. પાર્ટીનો દાવો છે કે આ અભિયાન બાદ જનતાનો આમ આદમી પાર્ટી પર વિશ્વાસ વધ્યો છે. કેજરીવાલનો આ પ્રવાસ આ જનવિશ્વાસને મજબુત સંગઠનમાં બદલાવ માટેનો એક મહત્વનો પગલો માનવામાં આવે છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે યુવા કોંગ્રેસની તૈયારી : સક્રિય હોદ્દેદારોને ઉતારાશે મેદાનમાં : ઈલેકશન માટે અપાશે ટ્રેનીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા અમદાવાદ સ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતેથી આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની તૈયારીઓનો રોડ મેપ જાહેર કરવામાં આવ્યો હતો. ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ નીખીલ દ્વિવેદી અને પ્રદેશ પ્રમુખ પ્રવિણસિંહ વણોલે માહિતી આપતા જણાવ્યુ હતુ કે યુવા કોંગ્રેસ મતદારો સુધી પહોચવા, ચુંટણી લડનાર ઉમેદવારોને તાલીમ આપવા અને યુવાનોના પ્રશ્નોને લઈને ગુજરાત સરકારને ઘેરવા માટે જિલ્લા સ્તરે કારોબારી બેઠકોનુ આયોજન કરાશે.

આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ નીખીલ દ્વિવેદીએ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ આગામી સમયની રણનીતી લઈને માહિતી આપી હતી કે ગુજરાતમાં અનેક લોકો સમસ્યામાં છે અને ખાસ કરીને યુવાનો પાસે નોકરી નથી તો આવનારા સમયમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ બેરોજગારી જેવી યુવાનોની સમસ્યાને લઈને લડત લડશે, ગુજરાત યુવા કોંગ્રેસ પોતાનો ૩ મહિનાનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે. સમગ્ર ગુજરાતની અંદર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. તો યુવા કોંગ્રેસમાંથી જે હોદ્દેદારો લડવા માંગે છે તેના નામ મંગાવીને સ્પેશ્યલ ટ્રેનીંગ પણ આપવામાં આવશે. વધુમાં તેઓએ કહ્યુ હતુ કે ૨૦ ટકા યુવાનોને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ટીકીટ મળે તે માટે નકકી કરવામાં આવ્યુ છે. તેના ડેટા પણ એકત્રિત કરવામાં આવશે તેવુ પણ જણાવ્યુ હતું. ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસની નવી કારોબારીની રચના થઈ ગઈ છે. અને હવે જાન્યુઆરી ૧૬ થી લઈને ૩ ફેબ્રુઆરી સુધી તમામ જિલ્લાની કારોબારીની મીટીંગ યોજવામાં આવશે. ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યુ હતુ કે ગુજરાતની અંદર ખુબ જ મોટા પ્રમાણમાં બેરોજગારીનુ સ્તર છે, યુવાનો પાસે ડીગ્રી છે પણ નોકરી નથી, આજે મોંઘવારીનુ પ્રમાણ ખુબ જ છે, ગુજરાતમાં અસંખ્ય યુવા ફીકસ વેતનમાં કામ કરી રહ્યા છે, કોન્ટ્રાકટ કર્મચારી સમાન હકકો પણ મળતા નથી, તેઓના પગારધોરણ ખુબ જ નીચા છે. તેના લીધે ઘર ચલાવવા ખુબ જ મુશ્કેલી પડે છે. આવી વિવિધ સમસ્યાઓને લઈને સરકારને ઘેરવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે આગામી સમય સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. તમામ તૈયારી યુથ કોંગ્રેસ કરી રહ્યુ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણી લડવા માંગતા યુવાનોને ટ્રેનીંગ પણ આપવામાં આવશે. યુવા કોંગ્રેસના ઝોન સ્તરે પ્રભારીઓની નિમણુંક પણ કરવામાં આવી છે. જેમાં ૧૬ જાન્યુઆરીથી લઈને ૩ ફેબ્રુઆરી સુધી સૌરાષ્ટ્ર ઝોનની મીટીંગ યોજવામાં આવશે.

૧૬ જાન્યુઆરીથી લઈને ૨૭ જાન્યુઆરી સુધી ઉત્તર ઝોનની મીટીંગ યોજવામાં આવશે. ૧૬ જાન્યુઆરી થી લઈને ૩૦ જાન્યુઆરી સુધી મધ્ય ઝોન અને ૧૬ જાન્યુઆરીથી લઈને ૩૦ જાન્યુઆરી સુધી સાઉથ ઝોન તથા ૨૮ જાન્યુઆરી થી લઈને ૩૧ જાન્યુઆરી સુધી કચ્છ ઝોનની મીટીંગ યોજવામાં આવશે.

# ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ ની ૨૦ જાન્યુ. ચુંટણી : ગુજરાતના ૩૦ નેતાઓને દિલ્હીનુ તેડુ

પ્રતિનિધિ,ગાંધીનગર



ભારતીય જનતા પાર્ટીએ તેના રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણી માટે ઔપચારીક પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આજે શુક્રવારે ચુંટણી જાહેરનામુ જાહેર કરવા સાથે ચુંટણી કોલેજની યાદી પણ પ્રકાશિત કરવામાં આવી હતી. પક્ષના સુત્રોના જણાવ્યા અનુસાર નીતિન નબીન આ ચુંટણીમાં એક માત્ર ઉમેદવાર રહેશે અને ૧૯ જાન્યુઆરીએ તેમનુ એકલાનુ ઉમેદવારી પત્રક ભરાશે એટલે પ્રમુખ તરીકે તેમનુ નામ નિશ્ચિત માનવામાં આવે છે.

ચુંટણી કાર્યક્રમ મુજબ રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે નામાંકન ૧૯ જાન્યુઆરીએ બપોરે ૨ થી ૪ વાગ્યા દરમિયાન દાખલ કરવામાં આવશે. ઉમેદવારી ફોર્મની ચકાસણી સાંજે ૪ થી ૫ વાગ્યા દરમિયાન થશે. ઉમેદવારી પત્રક પાછુ ખેંચવાનો સમય સાંજે ૫ થી ૬ વાગ્યા સુધીનો છે, ફકત એક જ ઉમેદવારી પત્રક દાખલ થવાની સંભાવના હોવાથી ઔપચારીક પ્રક્રિયા પુર્ણ થયા પછી બિનહરીફ ચુંટણી થવાનુ નિશ્ચિત માનવામાં આવે છે. નવા પ્રમુખની ઔપચારીક જાહેરાત ૨૦ જાન્યુઆરીએ સવારે ૧૧:૩૦ કલાકે કરવામાં આવશે. બીજેપી રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણી માટે તૈયાર કરાયેલી મતદાર યાદીમાં કુલ ૫૭૦૮ મતદારોનો સમાવેશ થાય છે. આ યાદી દેશભરના ૩૦ રાજયોમાંથી તૈયાર કરવામાં આવી છે. જયાં સંગઠનાત્મક ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ચુંટણી મતદાર યાદીમાં રાષ્ટ્રીય પરીષદ અને રાજય પરીષદના સભ્યોના નામ સામેલ છે. રાષ્ટ્રીય પરીષદમાં સંસદીય પક્ષના ૩૫ નેતાઓનો સમાવેશ થાય છે, આમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, પક્ષના વિદાય લેતા પ્રમુખ જે પી નડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને અન્ય ઘણા વરીષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે. તો બીજી તરફ ગુજરાતમાંથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઉપરાંત નીતીન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને દિલીપ સંઘાણી જેવા સીનીયર નેતાઓ સહિત કુલ ૩૦ પ્રતિનિધિઓને દિલ્હીનુ તેડુ આવ્યુ છે. આ નેતાઓ રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણીમાં સામેલ થઈ શકે છે.

# કાંકરિયામાં ૩.૫૪ કરોડના ખર્ચે આવશે નવી અટલ ટોય ટ્રેન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસ અને સુવિધાને લઈને અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં કાંકરિયાની લોકપ્રિય ટોય ટ્રેનથી લઈને ટ્રાફિક અને દબાણ હટાવવા સુધીના મુદ્દાઓ પર મહોર મારવામાં આવી છે. કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાતે આવતા પ્રવાસીઓ અને બાળકો માટે ખુશીના સમાચાર છે. AMC દ્વારા ૩.૫૪ કરોડ રૂપિયાના ખર્ચે બે નવી ટોય ટ્રેન ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન મેક ઈન ઈન્ડિયા અભિયાન હેઠળ બનેલી હશે અને ડીઝલ એન્જિન ધરાવતી હશે. સાથે જ એકસાથે ૧૫૦ મુસાફરો અને બાળકો સવારી કરી શકશે. જ્યારે જૂની ટ્રેન ૨૮.૭૦ લાખ રૂપિયાની કિંમતે પરત આપવામાં આવશે. આગામી છ મહિનામાં આ નવી ટ્રેન પાટા પર દોડતી જોવા મળશે. સાબરમતી રિવરફ્રન્ટ પર ચાલી રહેલા ફલાવર શોએ લોકપ્રિયતાના તમામ રેકોર્ડ તોડી દીધા છે. માત્ર ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના બે દિવસમાં જ AMCને ૧.૬૦ કરોડ રૂપિયાની આવક થઈ છે. ૧૪ જાન્યુઆરીએ ૭૮,૦૦૦ લોકોએ મુલાકાત લીધી હતી, તેમાંથી AMCને ૯૦ લાખ આવક થઈ છે અને ૧૫ જાન્યુઆરીએ ૭૩,૦૦૦ લોકોએ મુલાકાત લીધી હતી, તેમાંથી AMCને ૭૦ લાખ આવકની થઈ હતી. ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬ લાખ લોકોએ ફલાવર શો નિહાળ્યો છે, જેનાથી કોર્પોરેશનને ૬ કરોડ રૂપિયાની કમાણી થઈ છે.